અમરેલીમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ

અમદાવાદ, તા.૧૮

સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે સતત બીજા દિવસે કમોસમી વરસાદ થયો હતો. રાજુલા પંથકમાં તોફાની પવન સાથે વરસાદ થયો હતો. આસપાસના ગામડાઓમાં ભારે પવન સાથે વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે પાકને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને ડુંગળી અને કેરીના પાકને નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. જેમાં ગુજરાત પ્રદેશના વિવિધ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આજે સતત બીજા દિવસે અમરેલીમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે તાપમાનમાં કોઈ વધારે ફેરફાર જોવા મળશે નહીં. બીજી બાજુ આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં પારો ૪૩ ઉપર પહોંચ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ સાંજે ધૂળ ભરેલી આંધીની સ્થિતિ રહી હતી. ભારે પવન ફૂંકાયા હતા. હવામાનમાં એકાએક પલ્ટો વારંવાર હાલમાં જોવા મળી રહ્યો છે. અમરેલી પંથકના ખેડૂતો કમોસમી વરસાદના કારણે પરેશાન થયેલા છે. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે સમયાંતરે કમોસમી વરસાદ થઈ રહ્યો છે. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે. બાગ બગીચાઓને પણ ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. હિટ સ્ટ્રોકના કારણે લોકોને અસર થઈ હતી. બીજી બાજુ દરેક ઝોનદીઠ પાણીની મોબાઈલ પરબ પણ શરૂ કરાઈ હતી. લોકો સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરમાં બપોરમાં આજે પણ રસ્તા સુમસામ દેખાયા હતા.સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગઈકાલે બુધવારના દિવસે પણ વરસાદ પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું.

મોડાસામાં લીંબુના ઓછા ઉત્પાદનથી ભાવમાં ઉછાળો

ઉનાળામાં પાણી પછી જો સૌથી વધુ માંગ રહેતી હોય તો લીંબુ અને લીંબુ પાણીની પરંતુ ચાલુ વર્ષે લીંબુની ખેતી કરતા ખેડૂતોને ધાર્યુ ઉત્પાદન ન મળતા ચાલુ વર્ષે લીંબુના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડવાની સાથે લીંબુની માંગમાં પણ વધારો જોવા મળ્યો છે. હાલ ગરમીએ માજા મુકી છે ત્યારે લોકો ગરમીથી રાહત મેળવવા લીંબુ શરબતનો ખાસ ઉપયોગ કરતા હોય છે. ત્યારે જેમ જેમ ગરમીનો પારો વધી રહ્યો છે એમ લીંબુના પણ ભાવમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. જેના લીધે લીંબુ શરબતનો ગ્લાસ પણ મોંઘો બન્યો છે. હાલ અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં લીંબુનો પ્રતિ કિલો ભાવ રૂ. ૮૦ થી ૧૨૦ છૂટક શાકભાજી બજારમાં વેચાઈ રહ્યા છે. ઘરમાં લીંબુની માંગમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ લીંબુના ભાવ વધારાના પગલે ખોરવાઈ ગયું છે.

પાટનગરના પાદરની અવદશા : ગાંધીનગરથી કોબા માર્ગ પર સર્વિસ રોડ અને મુખ્ય માર્ગ વચ્ચે ગટરના પાણી ઉભરાતા દુર્ગંધના ગોટેગોટા સર્જાયા છે. છેલ્લા કેટલાય વખતથી ગંદા પાણીના ખાબોચીયા ભરાયેલા રહે છે અને વધુમાં માર્ગો પરની ગંદકી ખાબોચીયામાં ઠલવાતા વિસ્તારમાં ભારે દુર્ગંધ અનુભવાય છે. પ્રધાનમંત્રી અને વિદેશી મહેમાનો આગમન ટાણે ગાંધીનગરમાં સજાવટનો ધમધાટ છે પરંતુ પાટનગરના પ્રવેશદ્વાર પાસેના માર્ગો અવદશામાં સપડાયા છે.

જમીન મહેસુલી કાયદાના સુધારાના નિયમ અમલમાં

અમદાવાદ, તા.૧૮

રાજયના મોટાભાગના ગ્રામ, નગર અને શહેરોની આજુબાજુ સુચિત સોસાયટી કે નોંધાયેલી સોસાયટીઓમાં વસવાટ કરતા લોકોના નામે મકાનો કાયદેસર ન થાય હોય, મહેસુલી ટાઆઈટલ પ્રાપ્ત ન થયું હોય તેઓને મહેસુલી ટાઈટલ પ્રાપ્ત થાય અને સુચિત સોસાયટીઓમાં વસવાટ કરતા રહીશોના નામે તેમનો ભોગવટો કાયદેસર થાય તે માટે મહેસુલ વિભાગે ગુજરાત જમીન મહેસુલ કાયદો ૧૮૭૯માં કરેલા ઐતિહાસિક સુધારાના નિયમો અમલમાં મુકયા છે. રાજય સરકારના આ નિર્ણયને અતિ મહત્વનો અને ઐતિહાસિક લેખાવતા મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, નવા અમલી બનનાર આ નિયમો સુચિત સોસાયટીઓમાં વસવાટ કરતા રહીશોને માર્ગદર્શનરૂપ બનશે ઉપરાંત આવા વસવાટ કરનારાઓને તેમના શાંત અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની, મકાન હેઠળની જમીનનું મહેસુલી ટાઈટલ પ્રાપ્ત કરવાની તક મળશે તેવી આશા વ્યકત કરી છે. આ નિયમો જે સુગઠીત કરવામાં આવ્યા છે તેમાં ગામ, નગર, શહેર તથા પરિવર્તનીય વિસ્તારોની ઘરથારની હદ નક્કી કરવા સંબંધિત કલેકટરે કઈ રીતે દરખાસ્ત કરવી, કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો, રાજય સરકાર ધ્વારા દરખાસ્તને અનુમતિ આપ્યા બાદ કલેકટર ધ્વારા પુરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવું, રાજય સરકાર ધ્વારા પુરક મહેસુલ સેટલમેન્ટની કાર્યવાહી કરવા માટે અધિકૃત મહેસુલી અધિકારીની નિમણુક કરવી, અધિકૃત મહેસુલી અધિકારી ધ્વારા પરિવર્તનીય વિસ્તારમાં પુરક મહેસુલી સેટલમેન્ટની કાર્યવાહીના ભાગરૂપે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવી, વ્યક્તિગત નોટીસ પ્રસિધ્ધ કરવી તેમજ વાંધા મંગાવતી નોટીસ પ્રસિધ્ધ કરી, દાવા હેઠળની જમીનના સમર્થનમાં જે પુરાવા રજુ કરેલ છે તેની યથાર્થતા તપાસી દાવો મંજુર કરવો કે નહી તેનો નિર્ણય કરવા બાબત, દાવો મંજુર કર્યેથી દાવેદારને દાવા પ્રમાણપત્ર ઈસ્યું કરવું વગેરેનો સમાવેશ થાય છે.

મંત્રી અનિલ માધવ દવેને મુખ્યપ્રધાનની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી અનીલ માધવ દવેના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાજલિ પાઠવતાં જણાવ્યું છે કે, તેઓ સંનિષ્ઠ અને પ્રામાણિક વ્યક્તિ હતા. જે આજે આપણા વચ્ચેથી ચાલ્યા ગયા છે. ઈશ્વર તેમના આત્માને સદગતિ આપે. સરકાર અને દેશે એક સંનિષ્ઠ માણસ ગુમાવ્યો છે તેની ખોટ કદી પુરાશે નહી.

એકસાથે જ સૌથી વધારે સંખ્યામાં ભરતી થઈ છે

ગુજરાતની સ્થાપના પછી એક સાથે ૧૮૦૦૦ જેટલી પોલીસ ભરતીનો આ પ્રથમ ઐતિહાસિક પ્રસંગ છે. ગુજરાતમાં યુવાનોને રોજગારી આપવાનું ભગીરથ કામ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યું છે તેમજ ગુજરાતની શાંતિ, સલામતી, સુરક્ષાને રાજ્ય સરકાર અગ્રીમતા આપી છે. આટલી મોટી ભરતી પોલીસ દળમાં કરવામાં આવી છે. ગુજરાતમાં પોલીસના સ્કીલ અપગ્રેડેશન સહિત શાંતિ અને સુરક્ષા માટે જરૂરી રૂપિયા ૫૦૦૦ કરોડનું બજેટ આ ગત અંદાજપત્રમાં ફાળવવામાં આવ્યું છે. પોલીસ મહાનિદેશક ગીતા જોહરીએ સ્વાગત પ્રવચનમાં પોલીસ દળની આ ભરતીમાં ૪૫૨૭ જેટલી મહિલાઓનો પણ પોલીસ ભરતીમાં સમાવેશ કરી મહિલા સશક્તિકરણની ગુજરાતની છબીને ઉજાગર કરી છે.

૧૮ હજાર નવનિયુક્ત પોલીસ જવાનને નિમણૂંકપત્રો અપાયા

અમદાવાદ, તા.૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત પોલીસ દળમાં ઐતિહાસિક અવસરરુપે ૧૮૦૦૦ નવનિયુક્ત પોલીસ યુવાકર્મીઓને નિમણૂંક પત્ર અર્પણ કરતા આહવાન કર્યું કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબની આ ભૂમિમાં તેઓ ગુજરાતની જનતા જનાર્દનની રક્ષા સુરક્ષાના અંતરનાદનું દાયિત્વ જગાવે. ગુજરાતનું પોલીસદળ રોલ મોડેલ પોલીસ બને, વિશ્વની પુલિસ ગુજરાત પોલીસ પાસે પદાર્થપાઠ શીખવા આવે તેવી શાખ ઉભી કરવા તેમણે પ્રેરક આહવાન કર્યું હુતં. ગુજરાત પોલીસ યુવાનોથી તરબરતર યુવા પોલીસ છે તેમ સ્પષ્ટપણે જણાવતા વિજય રૂપાણીએ

કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં ૫૦ હજારની ભરતી થઇ તેમાંથી ૨૬૦૦૦ની ભરતી માત્ર દોઢ વર્ષમાં કરવામાં આવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકાસની નવી ક્ષિતિજો આંબવા કાયદો-વ્યવસ્થા, સુરક્ષા સલામતિને પ્રાધાન્ય અમે આપ્યું છે. રાજ્ય સરકારે ગૃહ વિભાગ અને પોલીસ ભરતી બોર્ડને પારદર્શી અને વાદ-વિવાદરહિત ભરતી માટે અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ ટિપ્પણી કરતા કહ્યું કે, ભૂતકાળમાં ભરતી પ્રક્રિયાઓ વચેટિયા, દલાલો, મિડલમેનથી ખદબદતી હતી. મા-બાપ પેટેપાટા બાંધી દેવું કરી પોતાના સંતાનની નોકરી મેળવતા. આજે એવી જડબેસલાક વ્યવસ્થા આ સરકારે કરી છે કે આ ૧૮૦૦૦ નવયુવાનોએ એક પણ કાણી પાઈ કોઈને આપ્યા વિના પોતાના કૌશલ્યથી સજ્જતાથી નોકરી મેળવી છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આ નવનિયુક્તિ યુવા પોલીસ કર્મીઓને પ્રેરણા આપતા કહ્યું કે, હવે આપણે એવી કડપ અને ફરજનિષ્ઠા દાખવીએ કે સમાજને રંજાડતા તત્વો, અસમાજિકો ઉપર આપણો દાબ રહે. પ્રજા તમારા ભરોસે સુરક્ષા સલામતી અનુભવે તે જ આપણો સેવા ધર્મ હોય તેમ પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યું હતું.

સજા પર મનાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાધવ મામલામાં અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી જાધવની ફાંસીની સજાને રોકી દેવામાં આવે તે જરૂરી છે. કોઈપણ પ્રકારની દુરભાવના રાખીને જાધવ સામે કાર્યવાહી પાકિસ્તાન ન કરે તે ખૂબ જરૂરી છે. ભારતે વિયેના સમજૂતિ હેઠળ આઈસીજેમાં અપીલ કરી હતી. ભારતની વિયેના સમજૂતિ હેઠળ માંગને યોગ્ય ઠેરવવામાં આવી હતી. આ સમજૂતિ હેઠળ ભારતને પોતાના નાગરિક સુધી પહોંચવાનો અધિકાર છે. પાકિસ્તાન હજુ સુધી જાધવ માટે રાજકીય મદદ આપવાનો ઈનકાર કરી રહી હતી. પાકિસ્તાન ઉપર આજના ચુકાદા બાદ દબાણ વધી ગયું છે. પ્રાથમિક રીતે જાધવને જાસૂસ તરીકે દર્શાવવાની બાબત અમે નક્કી કરી શકીએ નહીં. આ મામલો નક્કી ન થાય ત્યાં સુધી ફાંસીની સજા રોકી શકાય છે. આઈસીજેને જાધવ મામલામાં દરેક બાબત સાંભળવાનો અધિકાર છે. જાધવને ભારતના જાસૂસ તરીકે દર્શાવવાની પાકિસ્તાનની બાબત પુરવાર થઈ રહી નથી. બીજી બાજુ ભારતની તરફેણમાં ચુકાદો આવતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જાધવ માટે રાજકીય સહાયતાની માંગ કરી રહેલા ભારતે ૧૬ વખત આવી રજુઆત કરી છે પરંતુ પાકિસ્તાને ભારતની વાત સ્વીકારી નથી. નેધરલેન્ડના હેગમાં સ્થિત આઈસીજેમાં મામલાની સુનાવણી સોમવારના દિવસે કરવામાં આવી હતી. જેમાં ભારત અને પાકિસ્તાન તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ભારતે પાકિસ્તાન પર વિયેના સમજૂતિનો ભંગ કરવાનો સીધો આક્ષેપ કર્યો હતો. સાથે સાથે આંતરરાષ્ટ્રીય કોર્ટ સમક્ષ ભારતીય નૌસેનાના પૂર્વ અધિકારી જાધવની મૃત્યુદંડની સજા પર રોક મુકવાની માંગ કરવામાં આવી હતી. બીજી બાજુ પાકિસ્તાને પોતાની દલીલમાં કહ્યું હતું કે ભારતને કુલભૂષણ મામલામાં આઈસીજેમાં મુદ્દો લાવવાનો અધિકાર નથી કારણ કે વિયેના સમજૂતિ જાસૂસો, ત્રાસવાદીઓ અને જાસૂસી સાથે જોડાયેલા લોકો પર લાગુ થતી નથી. પાકિસ્તાન તરફથી ઉપસ્થિત રહેલા વકીલ ખવાર કુરેશીએ કહ્યું હતું કે ભારતે આ વર્ષે જાન્યુઆરીમાં પાકિસ્તાનના એવા સંદેશનો જવાબ આપ્યો ન હતો જેમાં જાધવ સાથે સંબંધિત મામલાની તપાસ માટે સહકારની માંગ કરવામાં આવી હતી. બીજી બાજુ ભારત તરફથી હરિશ સાલ્વે દ્વારા રજુઆત કરવામાં આવી હતી. સાલ્વેએ જાધવની ધરપકડ, તેની સામે ચાર્જશીટ દાખલ કરવા અને મામલાની સુનાવણી સાથે સંબંધિત તમામ કાર્યવાહીનો સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર્ડ અને વિયેના સમજૂતિના ભંગ તરીકે ગણાવીને વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે ઈચ્છિત આક્ષેપો કુલભૂષણની સામે મુકાયા છે. કુલભૂષણને પોતાના બચાવ કરવાની કાયદકાયી સહાયતા આપવામાં આવી નથી. સાલ્વેએ એમ પણ કહ્યું હતું કે ૧૬મી માર્ચ ૨૦૧૬ના દિવસે જાધવનું અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પાકિસ્તાન લાવીને જાસૂસ તરીકે રજુ કરાયા હતા. ત્યારબાદ સૈન્ય કસ્ટડીમાં એક અધિકારીની સામે કબુલાત કરાવવામાં આવી હતી. કોઈનો સંપર્ક કરવા જાધવને તક અપાઈ ન હતી. સુનાવણી એકતરફી રહી હતી.

ચુકાદો અનામત

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્યતા દેખાઈ રહી છે. આ ચુકાદા ઉપર માત્ર ભારતની જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશોની પણ નજર કેન્દ્રિત રહેશે. આજે સુનાવણી શરૂ થતાની સાથે જ ફરીથી તર્કદાર દલીલોનો દોર શરૂ થયો હતો. કોર્ટ સમક્ષ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કબુલાત કરી હતી કે તેઓ તમામ કાઝીઓ પાસેથી એડવાઈઝરી લેશે અને સાથે સાથે તેઓ ત્રિપલ તલાક પર માત્ર મહિલાઓના અભિપ્રાય જ ન લે બલ્કે તેને નિકાહનામામાં સામેલ કરવા માટેની પણ ખાતરી કરે. હવે તમામની નજર સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા ઉપર કેન્દ્રિત રહેશે.

આ મામલામાં મુખ્ય અરજીદાર શાયરા બાનુ તરફથી ઉપસ્થિત વકીલ અમિત ચઢ્ઢાએ કહ્યું હતું કે ત્રિપલ તલાક પાપ છે અને આ એક દિવાલ તરીકે છે. જેને દુર કરવામાં આવે તે જરૂરી છે. અમિત ચઢ્ઢાએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આ બાબત સ્વીકાર કરવા માટે કહ્યું હતું કે ત્રિપલ તલાક એક દુષણ તરીકે છે અને આ વાત સ્વીકારવી જોઈએ. બુધવારના દિવસે કેન્દ્ર સરકારે પણ પોતાના તરફથી ત્રિપલ તલાકને નાબુદ કરવાના સંદર્ભમાં દલીલો કરી હતી. જે રીતે સતિ અને દેવદાસી જેવી પ્રથા દુર કરવામાં આવી છે તે જ રીતે આને દુર કરવામાં આવે. કેન્દ્ર સરકારની દલીલો સામે વાંધો ઉઠાવતા ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રિમ કોર્ટમાં માહિતી આપી હતી કે મુસ્લિમ સમુદાયમાં લગ્ન એક કોન્ટ્રાક્ટ સમાન છે. પોતાના હિતો અને ગૌરવને જાળવી રાખવાના હેતુસર મુસ્લિમ મહિલા પણ ત્રિપલ તલાક જાહેર કરી શકે છે.

કેન્દ્ર સરકાર તરફથી દલીલો રજુ કરતા એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે ત્રિપલ તલાકને બહુમતી અને લઘુમતી સમુદાયની દ્રષ્ટીએ જોવા જોઈએ નહીં. આ એક સમુદાયની અંદરનો મામલો છે અને મહિલાઓના અધિકાર સાથે સંબંધિત છે. સુનાવણી દરમિયાન રોહતાગીએ ગઈકાલે બુધવારના દિવસે કહ્યું હતું કે જો સાઉદી અરબ, ઈરાન, ઈરાક જેવા દેશોમાં ત્રિપલ તલાક ખતમ થઈ શકે છે તો ભારતમાં આવું કેમ થઈ શકે નહીં. સુપ્રિમ કોર્ટમાં ૧૧મી મેથી ત્રિપલ તલાક પર ચર્ચા ચાલી રહી હતી. જે આજે પરિપૂર્ણ થઈ હતી.

પર્યાવરણ મંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનિલ માધવ એક કટિબદ્ધ નેતા હતા. તેમના અવસાનથી પર્સનલ નુકસાન થયુ છે. ગઈકાલે જ તેમની સાથે ચાવીરૂપ પાસા પર ચર્ચા મોદીએ કરી હતી. પર્યાવરણના જતનને લઈને તેમના દ્વારા કેટલાક પગલા લેવામાં આવી રહ્યા હતા. આ દિશામાં તેએ જોરદાર કામ કરી રહ્યા હતા. અનિલ માધવે છઠ્ઠી જુલાઈ ૨૦૧૬ના દિવસે નવી દિલ્હીમાં પર્યાવરણ, વન્ય અને ક્લાઈમેટ ચેંજ પ્રધાન તરીકે જવાબદારી સ્વીકારી હતી. તેઓ મધ્યપ્રદેશના લોકપ્રિય નેતા હતા. ઓગષ્ટ ૨૦૦૯માં રાજ્ય સભા માટે તેઓ ચૂંટાઇ આવ્યા હતા. એ વખતે તેઓ સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. તેઓ જુદા જુદા હોદ્દા પર કામ કરી ચુક્યા હતા.તેમના અવસાન બાદ તેમના સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે.

રશિયાના પ્રવાસે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેળા તેઓ સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ અકોનોમિક ફોરમની બેઠકમાં ભાગ લેનાર છે. આ બેઠક પહેલીથી ત્રીજી જુન દરમિયાન યોજાનાર છે. આ બેઠકમાં વિશ્વના ટોપના બિઝનેસ અને અન્ય લીડરો હાજર રહેનાર છે. ભારતમાં જંગી રોકાણ કરવા માટે અપીલ કરવાની મોદીને આ મંચ તક આપનાર છે. એ બેઠક ઉપરાંત વડાપ્રધાન મોદી રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન સાથે ચર્ચા કરશે. આ બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચી પર લઈ જવાના મુદ્દે ચર્ચા કરવામાં આવનાર છે. ભારત અને રશિયા વચ્ચેના સંબંધ હમેંશાથી ખુબ મજબુત રહ્યા છે. વાતચીતમાં રોકાણ, સંરક્ષણ અને પરમાણુ સહકારના મુદ્દા છવાઈ જાય તેવી શક્યતા છે.

વધુ ચાર કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર હાલમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈએ જુદી જુદી ટીમો બનાવીને આ કાર્યવાહી હાથ ધરી હતી. સુત્રોનું કહેવું છે કે, એરસેલ-મેક્સિસ તપાસના સંબંધમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ કરવામાં આવી હતી. આઈએનએક્સ મિડિયાને આપવામાં આવેલી મંજુરીના સંબંધમાં આ કાર્યવાહી શરૂ થઈ હતી. ચિદમ્બરમના કાર્તિના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, ગુડગાંવમાં એક સાથે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેન્નાઈમાં ચિદમ્બરમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, મોડી સાંજ સુધી તપાસનો દોર જારી રહ્યો હતો. આઈએનએક્સ મિડિયાના ફંડને ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ દ્વારા મંજુરી આપવામાંઆવી હતી. આ મંજુરી યુપીએ સરકારના ગાળા દરમિયાન આપવામાં આવી હતી તે વખતે ચિદમ્બરમ પાસે આ વિભાગ હતું. ચિદમ્બરમના પુત્ર સામે નવા મામલા સપાટી ઉપર આવી રહ્યા છે. જેમાં એક મામલો એડવાન્ટેજ સ્ટેટેજીક કન્સલ્ટીંગ પ્રાઈવેટ લિમિટેડને આવરી લેતા લેવડ દેવડનો પણ છે. આ કંપની સામે સોમવારના દિવસે જ સીબીઆઈ દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં કોઈ ટિપ્પણી કરવાનો હાલમાં કાર્તિ ચિદમ્બરમે ઈનકાર કર્યો છે.

કાર્તિ સાથે સંબંધ ધરાવતી અન્ય એક કંપની એમએસ વસન હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડના પ્રેફરેશનલ શેર કેપિટલમાં વિદશી મૂડીરોકાણકારો દ્વારા રોકાણ સાથે સંબંધિત પણ એક મામલો રહેલો છે. આ ઉપરાંત અન્ય કેટલીક વિગતો પણ ખુલી રહી છે.

વધુ વકર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે કદાચ ક્યાંક મતભેદ નાના-મોટા હશે તે અમે સમજાવીને ઉકેલી લેશુ પણ અમારામાં કોઈ મનભેદ નથી. વિકાસમાં કોંગ્રેસ વિવાદ કરે જ નહિ. વિકાસ એ અમારૂ લક્ષ્ય છે.

જિલ્લા પંચાયતના સભ્યોની સામાન્ય સભા પછી તુરત જ બીજા દિવસે બેઠક બોલાવવાનું નક્કી થયુ હતુ પરંતુ તે અનિવાર્ય કારણોસર રદ કરાઈ હતી. હવે શુક્રવારે પુનઃ બેઠકની ધ્વનિ સંદેશથી સભ્યોને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરને પુછતાં તેમણે કહ્યું હતું કે કોઈ વિવાદ છે જ નહિ. ગ્રાન્ટની ઉપલબ્ધિ સામે વધુ કામો સૂચવાયા છે તે પણ અમે અમારી મર્યાદા અને પંચાયતી અક્ટની જોગવાઈઓને આધિન રહી કરી છે.

ખાસ બેઠક અંગે તેમણે કહ્યુ હતુ કે આ વાત પણ યોગ્ય નથી. જિલ્લા કારોબારીની બેઠક પછી હું મારા સાથીઓને ઘરે ચા-પાણી માટે નિમંત્રી તો શકુને?

જિલ્લા પંચાયતનો આ વિવાદ હવે સભ્યોને સરખે હિસ્સો રકમ ફાળવી અને દરેક વિસ્તારમાં સંતુલિત રીતે કામ થાય તે જોઈ વહીવટીય મંજૂરી આપવાનો ઉકેલ લવાય તેવી શક્યતાઓ હોવાનો સંકેતો મળી રહ્યા છે.

આજે છ થી વધુ સભ્યો આ મુદ્દે પ્રતિષેધ વિકાસ કમિશનરશ્રી દ્વારા થાય તેવો પત્ર લખવાના હતા. શુક્રવારની બેઠકમાં સભ્યોના કામો અને મંજૂરીની તમામ વિગતો રજુ કરાશે તેમ જાણવા મળેલ છે.

ટીમ કામે લાગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોખમી વૃક્ષની કટોતી કરવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં પણ સુકા અને જોખમી વૃક્ષોને દુર કરવામાં આવશે.

શહેરમાં વૃક્ષોની જાળવણીના અભાવે સેકટરોમાં ટ્રીમીંગનુ કામ સમયસર હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામે છે. જયારે ચોમાસુ નજીકમાં હોવાથી શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસના વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ કરવા અગાઉ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે ચોમાસાને અનુલક્ષી નવા રોપાઓની વાવણી માટે પણ ખાડાઓ તૈયાર કરી દેવાયા છે. ત્યારે વરસાદી દિવસોમાં વૃક્ષો અકસ્માતનુ કારણ ન બને તે માટે વનતંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અસ્તિત્વ ધરાવતા સુકા વૃક્ષો દુર કરવા માટે કામ હાથ ધરાયુ છે. અત્યાર સુધીમાં મોટાભાગના સુકા વૃક્ષો તેમજ નમી પડેલા ભયજનક વૃક્ષો હટાવી દેવાયા છે. જયારે હજુ પણ ફરિયાદના અંતે હાથ ધરાયેલા સર્વે મુજબ જોખમી વૃક્ષો દુર કરવાની કામગીરી ચાલી રહી છે. આજે સે-૨૨ આર્યુવેદિક હોસ્પિટલના સંકુલમાંથી જોખમી વૃક્ષની કટોતી કરવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં પણ વૃક્ષોના ટ્રીમીંગ સહીત ભયજનક વૃક્ષો દુર કરવાની ઝુંબેશ યથાવત રહેશે.

તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

થઈ જશે. જોકે, કમળો મટતા આશરે ૧૫ દિવસથી એક મહિનો લાગશે અને સંપૂર્ણપણે સારા થઈ જતાં કદાચ બે કે ત્રણ મહિના લાગે. ગીતાબેન બોલ્યા - સાહેબ મેં બહારની પાણીપુરી, શેરડીનો રસ, કેરીનો રસ, બહારનું જમવાનું ક્યારનુંય બંધ કરી દીધું છે. પાણી પણ ઘરનું જ પિવાનુ અને આરોવાળું જ પિવાનું. મને કમળો કેમ થયો એ મારા મગજમાં ઉતરતું નથી. એટલે જ તો રમેશ ખરાબ વિચાર કરતા હતા..! કે અમારા ઘરમાં કમળો તો થાય જ નહીં. તો પછી ચક્કર આવીને પડી જવાનું કારણ શું ? ડૉક્ટરે કહ્યું ગીતાબેન આ હિપેટાઈટીસ-બી એ સામાન્ય રીતે લોહીના સંપર્કથી થાય છે. ગીતાબેને કહ્યું એટલે શું ? ડૉક્ટરે કહ્યું લોહીથી લોહીનો સંપર્ક એટલે... પહેલા તો જેને હિપેટાઈટીસ-બી થયેલો હોય અથવા તો હિપેટાઈટીસ-બીના વાયરસ જે વ્યક્તિમાં હોય તે વ્યક્તિનું લોહી તમારામાં કોઈ કારણસર આપવામાં આવે તો જેના શરીરમાં લોહી જાય છે તેને હિપેટાઈટીસ-બી એક મહિનામાં થવાનો જ. જેમાં લોહી બહારથી લેવામાં હિપેટાઈટીસ-બી વાઈરસવાળું લોહી હોવાથી તે દર્દીને હિપેટાઈટીસ-બી થાય છે. બીજું વીર્યથી પણ હિપેટાઈટીસ-બી ટ્રાન્સફર થઈ શકે છે. સામાન્ય રીતે શારિરીક સંબંધોથી હિપેટાઈટીસ-બી થવાના કારણો મોટે ભાગે હોય છે. પણ દર્દી સમાજથી ગભરાતો હોય છે અને પોતાની જાતને રાજા હરીશચંદ્ર માનતો હોય છે અને સમાજમાં મારું મોટું માન છે, મારો મોટો મોભો છે, હું ફલાણી સંસ્થાનો પ્રમુખ છું, ફલાણી સંસ્થાનો સેક્રેટરી છું એવા ખોટા અહંમને કારણે એવું કારણ આપતા હોય છે કે હમણાં જ લોહીનો ટેસ્ટ કરાવ્યો. તેમાં લોહી લેવા માટે વપરાતી સોંયમાં હિપેટાઈટીસ-બી વાયરસના વાયરસ તેમને દાનમાં મળ્યા છે. પણ ભાઈ, હવે કોઈ પણ ડૉક્ટર અથવા લેબોરેટરી આવી સોંયો વાપરતા નથી. બે જ શક્યતાઓ રહેલી છે એક તો, તમને જે આપવામાં આવેલું લોહી હોય એમાં જો હિપેટાઈટીસ-બીના વાયરસ જીવતા હોય તો તમને વાયરસનું દાન પણ મળે છે. પણ આજકાલ સારી બ્લડ બેંકમાંથી લોહી લેવામાં આવે તો આ ટેસ્ટ સારી એટલે કે સેન્સેટીવ